# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

નિવેદનોની 'કળા' કરી મોર દેશમાં ફરે છે,
સામેથી દેખાય રૂડો, પાછળ મર્યાદા સરે છે,
ખરે પીછાં દંભના, ખોદાય વિકાસની સુરંગ -
પોલંપોલ પ્રચારે માટી પર લીંપણ કરે છે
(વ્યવસ્થાતંત્ર ની પોલ)

## હાઇકુ

વસંત બેઠી,
પણ ઉજવો હવે
'વર્ષા-' પંચમી
(એક'દિમાં ત્રણ ઋતુ)

હત્યારા નેતા
જીવે અનેક નામે -
ગોલાલ કાંડા..
(કુરિયનો વગેરે..)

## ચિંતન

**છિન્નો અપિ રોહિત તરુઃ ક્ષીણો અપ્યુપચીયતે પુનશ્ચંદ્ર ।**
**ઇતિ વિમૃશન્તઃ સન્તઃ સંતપ્યન્તે ન લોકેષુ ॥**

ભતૃહરિના નીતિશતક નો આ શ્લોક છે :

'વૃક્ષને કાપવા છતાં તે ફરી-ફરી ઉગી નિકળે છે, ચંદ્ર દર પંદર દિવસે ક્ષીણ થયા પછી ફરી પૂર્ણ સ્વરૂપે ખીલી ઉઠે છે, એવી જ રીતે - એમ વિચારીને સજ્જન-ધીરજવાન લોકોએ આ સંસાર-વ્યવહારની દુનિયામાં, મુશ્કેલીઓમાં વીંટાવા છતાં, આપત્તિઓમાં ઘેરાવા છતાં ધીરજ ગુમાવતા નથી અને સંયમપૂર્વક-અડીખમ ઉભા રહી, ફરી ઉન્નતિના પ્રયાસમાં લાગે છે, નિરાશ થઇ જતા નથી.'

જેમ રાત પછી દિવસ આવે અને વદ પછી સુદ પૈડાંના આરા જેમ ઉપર-તળે થયા જ કરે તેમ જીવનની ઘટમાળમાં સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવ્યા જ કરે છે.

આપત્તિઓ આવે ને માણસ બેબાકળો થઇ હેબતાઇ જાય, ધૈર્ય ગુમાવી બેસે છે - ગાંડો થઇ જાય વિદ્યાર્થી નાપાસ થાય, વેપારીને ખોટ જાય, સટ્ટામાં દેવું થઇ આવા લોકો આત્મહત્યાના પગલાં લે છે.

અહીં વૃક્ષનું અને ચંદ્રનું દૃષ્ટાંત આપી કવિ કહે છે, મુશ્કેલીનો હિંમત પૂર્વક સામનો કરવો જોઇએ. કચ્છના ધરતીકંપમાં સાવ રસ્તા પર આવી ગયેલાં લોકો પાસે આજે બે-બે મકાન છે. હિંમતથી આપત્તિનો સામનો કરવો જોઇએ. ધીરજ ગુમાવવી નહિ.

## સુવિચાર

- દરેક વ્યક્તિને ચાર સ્વતંત્રતા મળવી જ જોઇએ : વિચારોની, ધાર્મિક, અભાવ દર્શાવવાની અને ભયથી - **રૂઝવેલ્ટ**
- જે વ્યક્તિ ને પોતાના મન અને વિચાર પર પોતાનો કાબૂ નથી તે કદાપિ 'સ્વતંત્ર' થઇ ન શકે - **વિવેકાનંદ**
- જે વ્યક્તિ ન્યાયપ્રિય નથી અને બીજાને સ્વાતંત્ર્યથી વંચિત રાખે છે તે જાતે જ સ્વતંત્રતાનો અધિકારી નથી - **અબ્રાહમ લિંકન**
- તમે મને લોહીનું એક ટીપું આપો હું તમને આઝાદી-સ્વતંત્રતા આપીશ - **સુભાષચંદ્ર બોઝ**
- ઇશ્વરે જાત મહેનત માટે બે હાથ આપ્યા છે સ્વાધીન સ્વતંત્ર રહો-પરાધીનતા જેવું કોઇ પાપ નથી - **મૈથીલીશરણ ગુપ્ત**
- એક કલાક માટે પણ કોઇને ગુલામ બનાવવો એ મોટો અન્યાય છે - **મિ. મિટ**
- મને સ્વતંત્રતા આપો અથવા મૃત્યુ - **પેટ્રીટ હેન્રી**

## બોધ કથા

આપણે-આપણા નેતાઓ-અધિકારીઓમાં એક સાદી-સાચી સમજ જ નથી - ખોટા કૃત્યો કરી કરી સંપત્તિ એકત્ર કરીએ. એફડી-પ્લોટ-બંગલો-પછી તપાસ અને સંપત્તિ જપ્ત - અને જેલ!

સ્વામી વિવેકાનંદ અમેરિકા જતા હતા-સ્ટીમરમાં પણ સત્સંગ ચાલુ હતો-એક યુવાન આ બધુ જોતો પણ સ્વામી ને વંદન કરવા કે સત્સંગમાં ન આવતો એટલું જ નહીં - આ બધું જ એ કતરાતી આંખે જોયા કરતો. સ્વામી વિવેકાનંદે એની નોંધ લીધી.

એકવાર સ્વામીજી જાતે તેની પાસે ગયા. અને પ્રશ્નોત્તરી થઇ. સ્વામીજીએ પૂછ્યું, કયાં જાઓ છો?

યુવક : ડોકટર છું એમ.ડી. કરવા અમેરિકા જાઉં છું -

સ્વામી : પછી શું કરશો? ત્યાં જ પ્રેક્ટીસ-લગ્ન કરી, સ્થાયી થઇ જઇશ - યુવાને કહ્યું.

સ્વામીજી : પછી? બાળકોને ભણાવી ડોકટર બનાવીશ.

સ્વામીજી : પછી? 'પછી શું તેના લગ્ન કરાવી નિવૃત્ત થઇ પાછો દેશમાં આવી આરામની જિંદગી વિતાવીશ' - યુવાને કહ્યું.

સ્વામીજી, એ પછી શું કરીશ!

યુવાન હવે ગુસ્સે થયો. અકળાઇને કહ્યું પછી 'મરી જઇશ.'

સ્વામીજીએ કહ્યું, જો મરવા માટે જ આટ-આટલું કરવાનો હો તો આવતીકાલે જ મરવાનું છે એમ સમજી, જીવનની ઉન્નતિ અને આત્માની મુક્તિ માટે કેમ કંઇ કરતો નથી. યુવકની આંખ ઉઘડી-સ્વામીજીને પગે પડયો.

# આ સંગ્રહની અર્ધાથી વધુ વાર્તાઓ ગુજરાતી પરિવેશની છે, અને થોડી અમેરિકન, કેનેડિયન પરિવેશની છે

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**


ગુજરાતી ડાયસ્પોરા વાર્તાઓ એક આગવું વિશ્વ રચે છે. ડાયસ્પોરા સાહિત્યની એક મહત્તા તો એ છે કે એમાંથી પ્રવતું હોય છે. ગુજરાત કે ભારતનું બહારનું વિદેશમાં સ્વસતું ગુજરાત. એમાંથી વિષય સામગ્રી, એમાંથી સમસ્યાઓ, મુકાબલાઓ અને વિદેશ નિવાસી ગુજરાતી પ્રજાનું માનસ તથા જીવન એ વાર્તાઓમાં સ્થાન પામતું હોઇ આપણી વાર્તામાં અવનવા વિષયો આ કારણે ભળે છે. અને ગુજરાતી વાર્તા સાહિત્યધારાને આ પરંપરા વિશેષ સમૃધ્ધ કરે છે.

કેવા કેવા પ્રશ્નોનો સામનો કરે છે આ સમાજ? શું પડઘાય છે એમના પ્રશ્નોમાંથી? કેટલો મુલ્યનિષ્ઠ રહ્યો છે આ ગુજરાતી? એ વસવાટી બનીને વટલાયો નથી, વિચારધારાથી પ્રભાવિત થતો હોય કે વિચલિત પણ થઇ ગયો હોય, આવા પાટા જગતની મોઢામોઢ થવાની મોકો આપતું હોય છે આ વાર્તા વિશ્વ.

ડાયસ્પોરા સાહિત્યધારામાં એક બલિષ્ટ નામ છે જય ગજ્જર. પૂર્વની ભૂમિકા પર લખાતા કથાવસ્તુમાં પશ્ચિમની માદક સુવાસ ભળતાં બે સંસ્કૃતિના સમન્વયનો એક અનેરો સૂર તેમની રચનાઓમાં સંભળાય છે. અંતરમાં જે અવાજ પ્રગટ્યો તેને ખુલ્લા દિલે શબ્દદેહ આપવાનો લેખકે પ્રયાસ કર્યો છે. એમાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ ઝીલાઇ છે. જે તેમને 'ડાયસ્પોરા સર્જક' તરીકે પ્રસ્થાપિત કરે છે.

આજે આપણે કેનેડા વસતા પણ લગભગ દર વર્ષે અચુક પણે ગાંધીનગરમાં આવી બે ત્રણ માસ રહીને જતા જય ગજ્જરના તાજેતરમાં પ્રગટ થયેલા વાર્તા સંગ્રહ 'અંતરનો અવાજ'ની વાત કરવી છે. આ સંગ્રહની અર્ધાથી વધુ વાર્તાઓ ગુજરાતી પરિવેશની છે. અને થોડી અમેરિકન, કેનેડિયન પરિવેશની છે. એમણે ગુંથેલા પ્રશ્નો ડાયસ્પોરા ગુજરાતી લેખકના માનસ જગતના પરિચાયક છે.

### પૂર્વ અને પશ્ચિમની વિચારધારાનો આલેખ આપતી પ્રવાહી અને ચિત્તાકર્ષક ઘટનાઓથી ભરેલી નવલિકાઓ




તેઓ પ્રસંગ પ્રધાન વાર્તાલેખનના પુરસ્કર્તા છે. વર્ણનો નવલકથા કે નવલિકા માટે ઉપકારક, કથાનક જ એવું ચોટદાર પસંદ કરે અને એને ટૂંકમાં આલેખો કે વિશેષ વર્ણનને અવકાશ ન રહે. એ રીતે તેઓ કથન અને સંવાદના માધ્યમથી નવલિકાનું સર્જન કરે છે. કેનેડાના નગર જીવવનની સત્યતા, પ્રાકૃતિક પરિવેશ અને સમસ્યાઓની સામે મુકાબલા માંડતું સમાજ જીવન એમની કથાઓમાં ડોકાય છે. વર્ષે દહાડે અહીં ગુજરાત નિવાસી બનતા હોવાથી ગુજરાતી સમાજ જીવનની બદલાતી તાસીર પણ એમની કથા સૃષ્ટિમાંથી પ્રગટતી જોવા મળે છે. એ રીતે જય ગજ્જર જેટલા ડાયસ્પોરા સાહિત્યના ઉદ્‌ગાતા છે. એટલા જ તળ ગુજરાતી અનુભવ જગતના પણ ઉદ્‌ગાતા છે.

જે વાર્તા પરથી સંગ્રહનું શિર્ષક આપવામાં આવ્યું છે તે 'અંતરનો અવાજ' એક ભારે હૃદયસ્પર્શી કથા છે. અહીં માતાથી દૂર-સૂદૂર નીકળી પહેલાં પુત્રો પરત્વેનો માતૃસ્નેહ કેન્દ્ર સ્થાને છે. કૂતરી અને કૂરકૂરયાંનાં રૂપક દ્વારા અને કમળા બહેનના પૈડા વહેંચવાની પ્રવૃત્તિ પણ રૂપકાત્મક બની રહે છે. માતાનો નિર્ણય ડાયસ્પોરા ગુજરાતી સમાજ સામે તળપદા ગુજરાતી સમાજના મુકાબલાનું નિરૂપણ અહીં ભારે કલાત્મક રીતે થયું છે. તેથી જ આ વાર્તા સંગ્રની પ્રસ્તાવનામાં ડો. બળવંત જાની સાચું જ કહે છે કે 'સમકાલીન ગુજરાતી વાર્તા પરંપરામાં અમેરિકન' બ્રિટીશ, કેનેડિયન કે આફ્રિકન ડાયસ્પોરા વાર્તા પ્રવાહ વહે છે. એને વહેતો રાખવા જય ગજ્જરના પ્રદાનને ઉલ્લેખ ઐતિહાસિક સંદર્ભે કરવાનો જ રહેશે. ભલે તેઓ એ કોઇ નવાં પ્રયોગશીલ વલણો દાખવી આગવી મુદ્રા ઉપસાવી ન હોય.

જયભાઇની ડાયસ્પોરા વાર્તાઓમાંથી આપણી સમક્ષ બહુધા અકસ્માતોની, આશ્ચર્યોની સૃષ્ટિ ઉપસે છે. નિયતિનું પ્રાબલ્ય અહીં દૃષ્ટિગોચર થાય છે. 'હીરાનો હાર', 'હર્ષના આંસુ', 'લોટરી લાગી,', 'રખડું', 'પાડોશી ધર્મ', 'સંકલ્પ', 'એક શોધ' અને 'પારસ' બધી જ વાર્તાઓમાં કેન્દ્ર સ્થાને અકસ્માત છે. બધા આકસ્મિક રીતે મળી જાય છે. કોઇક સેક્સ એન્જોય કરે છે. કોઇને લોટરી લાગે છે. કોઇ પાડોશી ધર્મ બજાવે છે. કોઇને જૂની વિદ્યાર્થીની મળી જાય છે. એ પુત્રની સાથે ચેટિંગથી સંકળાયેલ હોય છે. માનવ જીવનમાં માનવ સંબંધોમાં અકસ્માતોનું ભારે મહત્ત્વ છે. અહીં આલેખયેલાં મોટાભાગના પ્રસંગો ભારે સહજ રીતે ઉભા થયેલાં જોઇ શકાય છે. ભાગ્યવશાત જાણે કે બધું બની જાય છે. અહીં કે ત્યાં બધે જ આ અકસ્માતોને જ માનવી આધીન છે. એની ઉપર નિયતિનું પ્રાબલ્ય છે. નિયતિને એ આધિન છે. અહીં વિદેશ નિવાસી ગુજરાતી જનજીવનની છબિ ઉપસાવી ઘણી વાર્તાઓ પણ છે. જેમાં 'જાળ' એક એવી વાર્તા છે. તેનું શિર્ષક પ્રતિકાત્મક છે. પત્નીનો પ્રેમ, એનું મૃત્યુ થવાની ગમગીનીમાં જીવતો હેરી - હરિહર નાયક છે. પણ સામે છેક દુષ્ટ ગુજરાતી પતિની સન્નારી પત્ની રાધા-રેકી છે. દુષ્ટતાને છોડી સજ્જનની સંગત માટે પતિથી છૂટવા સજ્જનની દોલતને લૂંટાવી દેતાં અને ખોટું બોલતાં જેને કશો જ અફસોસ નથી. એવી રાધાનું પાત્ર જટિલ પ્રકારનું છે. એનું અધ્યાત્મ, સેક્સ પરત્વેની નફરત અને સાદગી એવા વ્યક્તિનાં ગુણો છે. પણ એક સજ્જનની સંપત્તિ લૂંટાવીને જુઠું બોલાવાન કોઇ પ્રશ્ચાતાપ ન ભોગવતું ચરિત્ર ડાયસ્પોરિક ગુજરાતી નારીનું પરિચાયક છે. તેથી એ જય ગજ્જર દ્વારા નિરૂપણ પામેલી જૂઠું બોલવાના વ્યવહારથી બચીને પોતાની રીતે સલામત જીવન વ્યતિત કરતી અમેરિકન - ડાયસ્પોરિક નારી ગુજરાતી વાર્તાનું અનોખું નારી ચરિત્ર બની રહે છે.

જય ગજ્જરની વાર્તાસૃષ્ટિમાં એમના ખોબા જેવડી પાનસરથી માંડી ન્યૂયોર્ક અને ટોરન્ટો જેવા આધુનિક વિશ્વનગર પર્યંત વિસ્તરેલી જિંદગીનો સળવળાટ અને ધબકાર છે. જાણે 'એરાઉન્ડ ધ વર્લ્ડ' ની યાત્રા કરતા હોઇએ એવો મીઠો - મધુરો રોમાંચ અનુભવાય છે. એમની અનુભૂતિનું ક્ષેત્ર એટલું વિશદ્ છે. ઘાટ ઘાટના પાણી પીધા હોઇ એ ઠાવકાઇ પૂર્વક એમનાં મનોજગતમાં આકાર લેતી ઘટનાઓને પ્રતીતિજનક સ્વરૂપમાં પેશ કરી શકે છે. અમેરિકા ગયેલા ગુજરાતી કદમ ફક્ત દેશ બદલવાથી કંઇ બદલાઇ જતો નથી. એ પોતાનો સમગ્ર સંસ્કાર પરિવેશ સાથે લઇને જ અડબંગ રહે છે. એટલો જ વહેમીલો - અંધશ્રધ્ધા બનીને જીવે છે. જો ફરક પડે છે તો તે ફક્ત રૂપિયા અને ડોલરનો. એની પાસે સંપત્તિ થાય છે પણ જીવન ધોરણ તો તદ્દન દેશી જ બની રહે છે. હાં તેના શબ્દકોશમાં થોડા અમેરિકન અંગ્રેજીના રોજિંદા વપરાશના શબ્દો ઉમેરાય છે ખરા!

'આંતર સંવેદનાનો અવિરત ઉઘાડ' રૂપે પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઇ. જયભાઇનો પરિચય આપતાં લખે છે કે - 'એક બાજુ વચન વિયોગ છે, તો બીજી બાજુ સમન્વય સાધતી સંવેદના છે. અને આ વિશિષ્ટતાને કારણે ગુજરાતી ડાયસ્પોરા સર્જનમાં જય ગજ્જરનું પ્રસંશનીય પ્રદાન રહ્યું છે. 'અંતરનો અવાજ' નવલિકા સંગ્રહમાં ૩૧ જેટલી નવલકથાઓ નો સમાવેશ કર્યો છે. એમાં જય ગજ્જરની સાહિત્યિક પ્રતિભાનો સ્પર્શ અનુભવાય છે. ગુજરાતી સાહિત્યમાં આઠ નવલકથા અને પાંચ વાર્તા સંગ્રહોની રચના કરવા ઉપરાંત તેમણે અંગ્રેજીમાં બે રસ સંતર્પક નવલકથાઓ પણ આપી છે. એમણે સાહિત્યિક સર્જન ઉપરાંત કેનેડા વિશે માહિતીપ્રદ લેખો પણ લખ્યા છે. કેનેડાની અતિ પ્રતિષ્ઠિત એવી સી.એમ.ની માનદ્ પદવી ત્યાંના ગવર્નર જનરલ દ્વાર મળી છે. ગુજરાતી અને અંગ્રેજી સાથે એમ.એ. થયા પછી ગુજરાતી યુનિવર્સિટીમાં ભાષાંતર વિભાગમાં વર્ષો સુધી સેવા આપી, ત્રણેક વર્ષ નવ ગુજરાત કોલેજમાં અધ્યાપન કાર્ય કર્યા બાદ કેનેડા સ્થાયી થયા છે. પણ દર વર્ષે એકવાર વતનની માટીની મહેંક અનુભવવા ગાંધીનગરમાં આવતા રહે છે.

'અંતરનો અવાજ' પછી પણ ડાયસ્પોરા સમાજના મુકાબલા-મથામણ અને મુંઝારાને વ્યક્ત કરતી વિશેષ વાર્તાઓ તેમની પાસેથી મળતી રહે તેવી શુભકામનાઓ સાથે તેમના 'અંતરના અવાજ'ને આવકારૂં છું.

**અંતરનો અવાજ (નવલિકા સંગ્રહ)**
**લેખક : જય ગજ્જર - પ્રકાશક : રન્નાદે પ્રકાશન**
**૫૮/૨, બીજે માળ, જૈન દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨, પાનાં - ૧૯૨, કિંમત રૂા. ૧૮૦/-**

# સમયનું વ્યવસ્થાપન જીવનને મધપૂડો બનાવે છે, ચાલો, આપણે પણ આપણા જીવનને મધપૂડો બનાવી મધુસંચય કરી આપણે આપણા અક્ષયપાત્રને તો ભરીને સાથે સાથે અન્યના પણ અક્ષયપાત્રને ભરીએ અને જીવનને કૃતાર્થ બનાવીએ...

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

એકવીસમી સદીમાં સમગ્ર વિશ્વ એક ગામડું બની ગયું છે. વિશ્વના કોઇ પણ ખૂણામાં બનતી નાની સરખી ઘઠના પણ ઘડીના છઠ્ઠા ભાગમાં આખા વિશ્વમાં ફેલાઇ જાય છે. એકવીસમી સદી વૈશ્વિકીકરણની સદી તરીકે ઓળખાય છે. માનવી સામાજિક પ્રાણી છે. પરંતુ ઝડપી યુગની ભાગમભાગ અને દોડાદોડમાં નજીકનાં મિત્રો, સગાસંબંધીઓને મળવું મુશ્કેલ બનતું જાય છે. શું આજનો માનવી દિનપ્રતિદિન સામાજિક ઘટતો અને મટતો જાય છે? દરેક વ્યક્તિના મોઢે એક જ વાત સાંભળવા મળે છે 'મારી પાસે ટાઇમ નથી' શું દરેક વ્યક્તિ પોતાના દૈનિક કાર્યોમાં આટલી બધી વ્યસ્ત અને મસ્ત બની ગઇ છે? દીવા જેવી વાત છે કે વ્યક્તિઓ વ્યસ્ત નથી થયા પરંતુ કદાચ અસ્તવ્યસ્ત થઇ ગયા છે. દરેક વ્યક્તિ પાસે એકસરખો સમય છે પરંતુ તે વ્યક્તિ સમયનો સદુપયોગ અને તેનું આયોજન કેવી રીતે કરે છે તેના ઉપર તેની સફળતાનો આધાર રહેલો છે.

પર્યાવરણનાં તમામ તત્ત્વો સમયના ચુસ્ત પાબંદી છે. કોઇ પણ પક્ષી કે પ્રાણી પાસે ઘડિયાળ નથી છતાં પ્રભાત થતાં જ પક્ષીઓ માળામાંથી ઊંચી ચણની શોધમાં નીકળી પડે છે. પ્રાણીઓ તેમની દૈનિક પ્રવૃત્તિઓમાં પરોવાઇ જાય છે. સૂર્યને કયારેય પણ હોલીડે કે સન્ડે હોતો નથી. વસંતઋતુની પધરામણી થતાં જ વનમાં કેસૂડો ખીલી ઊઠે છે! વર્ષારાણીનું આગમન તથાં જ મોરલો નાચવા અને કોયલ ટહુકવા લાગે છે! કીડીને કયારેય આપણે આરામ કરતા જોઇ છે! મધમાખીને મધપૂડામાં ઊંઘતી જોઇ છે? નિયમિતતા પર્યાવરણનો સ્વભાવ છે. પ્રકૃતિ સમયની સાથે આપણને તાલ મિલાવવાનું શીખવે છે. જે સમયને સાચવે છે, સમય તેને સાચવે છે, સમય ક્યારેક કોઇના માટે ખરાબ હોતો નથી.

ક્ષણમાં જીવે તે માનવી ક્ષણને જીવાડે તે કવિ.

કેટલાક લોકો કહેતા હોય છે : 'હું સમયમાં માનું છું, હું સત્યમાં માનું છું, ઇશ્વરમાં માનું છું, હું પ્રામાણિકતામાં માનું છું, પરંતુ સમય, નિયમિતતા, ઇશ્વર, સત્ય, પ્રામાણિકતા વગેરે માનવાના વિષયો નથી બલ્કે માણવાના વિષયો છે. કામની અધિકતા નહીં પરંતુ પોતાની અનિયમિતતા જ માનવીને મારી નાખે છે.'

સમય માનવીને નિરામય, અભય, નિર્ભય, તેજોમય અને આનંદમય બનાવે છે. સમય અદૃષ્ટ છે, નીરવ છે. રાત્રિના અંધકારમાં કાન માંડીને સાંભળો તો પણ તેન લગીરે અવાજ સંભળાતો નથી. સમય કદી મરતો નથી, હસતો કે રડતો નથી. સુખ કે દુઃખ સાથે કોઇ નિસ્બત નથી. એ તો તટસ્થ છે. રડવાનું કે હસવાનું, સુખ કે દુઃખ મનુષ્ય સાથે જોડાયેલું છે. હા દરેક દુઃખનું ઔષધ સમય જરૂર છે. એટલા માટે તો કહેવાય છે કે -

સમય અને ભરતી કોઇની રાહ જોતો નથી. શિક્ષણ પણ ક્ષણનું રક્ષણ કરવાનું શીખવે છે!

સાચી બાબત તો આપણા વર્ષોમાં જીવન ઉમેરવાની હોય છે. જીવનમાં વર્ષો નહીં જીવનજળને સમુદ્ર સમું ખારૂં કે સરિતા સમું મીઠું બનાવવું એ જીવનારા પોતાના હાથમાં હોય છે. માનવી પાસે સમય હોય છે. ત્યારે સમજણ હોતી નથી અને જયારે સમજણ હોય છે ત્યારે હાથમાંથી સમય સરી પડ્યો હોય છે!

જીવનમાં સફળ થવા માટે સમય બચાવવો કે સમયનો સદ્‌પયોગ કરવો એટલું જ પર્યાપ્ત નથી. પરંતુ ટાઇમ મેનેજમેન્ટ કરવું પડે. ટાઇમ મેનેજમેન્ટ એક કળા છે. આજે સફળ થવા માટે અથાગ મહેનત સાથે સમયનું શિસ્તબધ્ધ આયોજન પણ અગત્યનું બની ગયું છે.

ટાઇમ મેનેજમેન્ટનું પાયાનું મૂળભૂત તત્ત્વ તમે ઉપાડેલા કાર્યના ચોક્કસ લક્ષ્ય ઉપર રહેલું છે. કોઇ પણ વ્યક્તિએ ઉપાડેલા કાર્યનું લક્ષ્ય, તેનો હેતુ સ્પષ્ટ કરવો જરૂરી છે. ઘણી વખત આપણને જોવા મળે છે કે માણસો કાર્ય ખૂબ મહેનતથી કરતા હોય છે, અમુક સમયે એક કરતાં વધુ કાર્યો સૌથી અગત્યનું છે. એ નક્કી કરવાની ક્ષમતા હોવી જોઇએ. એકી સાથે બધાં કાર્યો એક સાથે ઉપાડવાની ઘણી વખત એક પણ કાર્ય સિધ્ધ થઇ શકતું નથી.

સૌથી અગત્યનું કાર્ય નક્કી કર્યા પછી શિસ્તબધ્ધ કાર્યનું આયોજન નક્કી કરવામાં આવે છે. આ રીતે કરવાથી કાર્યની સ્પષ્ટ વહેંચણી થઇ જાય છે, અને દરેક તબક્કે માહિતી અને સાધનો સમય મુજબ સરળતાથી પ્રાપ્ત થાય છે. આ સુવ્યવસ્થા જો કોઇ પણ વ્યક્તિ કરે તો છેલ્લી ઘડીએ દોડાદોડી ન કરવી પડે અને આયોજનને કારણે સમયનો બચાવ થઇ શકે. આ બચેલા સમયનો ઉપયોગ પોતાનું કાર્ય વધુ સુંદર રીતે કરવામાં વાપરી શકાય.

ટાઇમ મેનેજમેન્ટ એ હેતુ સુધી પહોંચવાની સતત પ્રક્રિયા છે. સમયનું વ્યવસ્થાપન એટલે કોઇ કાર્ય ઝડપથી કરવું નહીં, પરંતુ નિશ્ચિત સમયમર્યાદામાં વધુને વધુ લાભ મળે એ રીતે કરેલા કાર્યનું આયોજન. આ આયોજન જયાં સુધી હેતુ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલતું રહે છે. સતત એકસરખી શક્તિ સાથે કાર્ય કરવા માટે શરીરને આરામ પણ જોઇએ છે. દરરોજ શરીરને નિયમિત માત્રામાં આરામ મળવો, ઊંઘ મેળવી જરૂરી છે. જેનાથી બીજે દિવસે કાર્ય કરવાની શક્તિ મળે છે. આ રીતે કાર્ય પુરૂં થાય ત્યાં સુધી બેચેની થાક, નિરાશા જેવી લાગણીઓનાં અનુભવથી દૂર રહી શકાય છે.

સમયનું વ્યવસ્થાપન જીવનને મધપૂડો બનાવે છે, ચાલો, આપણે પણ આપણા જીવનને મધપૂડો બનાવી મધુસંચય કરી આપણે આપણા અક્ષયપાત્રને તો ભરીને સાથે સાથે અન્યના પણ અક્ષયપાત્રને ભરીએ અને જીવનને કૃતાર્થ બનાવીએ... ઘડિયાળને દિવાલ પર તો રાખીએ, કાંડા પર બાંધીએ, સાથે સાથે દિલમાં વસાવીએ અને સમયની શરણાગતિ સ્વીકારીએ. સમયની સાથે ચાલીએ, સમયનું મૂલ્ય સમજીએ, સમયનું પાલન કરીએ.

**- સંદર્ભ પુસ્તક : આનંદનો રાજમાર્ગ**

# પંખીણી માતાએ જે ધૈર્ય અને સહનશીલતા બતાવી તેને માટે કયા શબ્દ વાપરવા, બચ્ચાને માતાની દિવ્ય પાંખોનો આશરો મળી ગયો એ બચી ગયા

'મા એ મા બીજા બધા વગડાના વા', 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ', 'છોરૂં કછોરૂં થાય પણ માવતર કમાવત ન થાય.' તથા 'ક્વચિદાચિ કુમાતા ન ભવતિ' આવી તો અનંત ઉક્તિઓ 'મા'ની મહત્તાનું માપ આપવા માટે સમાજમાં જ પથરાયેલી છે. એવી જ રીતે માતાની મહત્તાની અગણિત કિસ્સાઓ પણ મોજૂદ છે. એવી જીવતી જાગતી માતાઓ પણ આપણા સમાજમાં ડગલેને પગલે જોવા મળે છે. જે માતાના પદને અનેક ગણી શોભા આપી જાય છે.

મા એ માત્ર જન્મદાત્રી જ નથી પણ તેના ઉછેરની જવાબદારી પણ માતાજ સંભાળે છે. 'સંતાનોને રક્ષણ આપે, શિક્ષણ આપે તથા સારા જીવન માટે તાલીમ પણ માતા જ આપે છે. પોતાના સંતાન માટે બધું જ કરી છૂટવું તે માતા માટે તો સામાન્ય વાત છે. જીવન દરમિયાન જો કયારેક પોતાના સંતાનો પર સંકટ આવે તો એ સંકટ સામે માતા જ ઢાલ બની ઊભી થઇ જાય છે. એ પોતાનાં સંતાનોનુ રક્ષણ અવશ્યપણે કરે છે.'

સંતાનોનાં રક્ષણ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપવામાં ન અચકાતી. માતાના અનેક ઉદાહરણો માનવ સમાજમાં તો જોવામાં આવે છે. પરંતુ પશુ-પક્ષીમાં પણ આ પ્રકારની માતૃભાવનાનો સંભવ ખરો? આ પ્રશ્નનો જવાબ છે 'હા'. પશુ-પંખીમાં પણ પોતાના સંતાનો માટે મરી ફીટવાની ભાવના જોવા મળે છે. કેટલાંક પશુઓમાં આ ભાવના વધારે તીવ્ર હોય છે. પરંતુ પક્ષીઓમાં આ માતૃભાવ જીવંત હોય તેવો એક અદ્‌ભૂત ઘટના ડો. વીજળીવાળાનાં પુસ્તક 'મનનો માળો' માં નોંધાઇ છે. એક પક્ષી માતાએ પોતાના નાનકડાં બચ્ચાં બચી જાય તે માટે જે પ્રકારનું મોત વહાલું કર્યું તે વાંચી મનમાં થયું. ભગવાને આ માતાના મનમાં કેટલી અપાર શક્તિ - ધૈર્ય અને સહનશીલતા ભરી છે. કદાચ 'મા'ના રૂપમાં ખુદ પરમાત્મા અમારી વચ્ચે વસે છે.

## કારણ એ 'મા' હતી

**- અનંત ન. વ્યાસ**

વાત આ પ્રમાણે છે.

પરદેશના એક રાષ્ટ્રીય ઉધાનમાં એક વખત ભારે દાવાનળ ફાટી નીકળ્યો. આગ જયારે પૂર્ણ ઠરી ગઇ ત્યારે જંગલ ખાતાનાં અધિકારીઓ આગથી થયેલું નુકશાન તપાસવા માટે નીકળ્યાં. એક ટેકરી ચઢતાં તેઓએ એક વિશિષ્ટ દૃશ્ય જોયું. ટેકરીની તળેટીમાં બળીને સાવ ઠૂંઠા થઇ ગયેલાં એક વૃક્ષના આધારે એક વિશાળ પક્ષી ઊભું જે ઊભું ઊભું જ બળીને સાવ કોલસો થઇ ગયેલું. અધિકારીઓને આ જોઇ ભારે નવાઇ લાગી. આવું જબરૂં પક્ષી તો ઊડી જઇને આ આગથી જરૂર બચી જઇ શકે ત્યારે આ પક્ષીએ આમ બળી મરવાનું કેમ પસંદ કર્યું હશે. અધિકારીઓએ તેને જરા હાથ લગાડ્યો. ત્યાં તે આડું પડી ગયું અને સૌથી નવાઇ સાથે પંખીની પાંખ તળેથી ત્રણ નાનાં ને નિર્બળ બચ્ચાં ચી...ચી... કરતાં નીકળી પડ્યા.

આવી ભીષણ આગમાં આ બચ્ચાં જીવંત રહ્યાં કારણ તેની માતાની પાંખનો દિવ્ય આશરો તેઓને મળી ગયો. માતાએ પોતાની પાંખ તળે તેઓને રક્ષણ આપ્યું એ પંખીણીએ ધાર્યું હોત તો ઉડી જઇ પોતાનો જીવ અવશ્ય બચાવી શકી હોત. પરંતુ તે મા હતી. તેને ખબર હતી કે પોતાનાં બચ્ચાં નાના છે ઊડી શકે તેમ નથી બચ્ચાંને નોંધારા છોડી જવાના બદલે તેઓને બચાવવાનો પાકો નિર્ણય કરી પોતાની પાંખ તળે ગોઠવી દીધાં.

જરા વિચાર કરો. જયારે આગ તેના દેહને અડી હશે ત્યારે કેવી બળતરા ઉઠી હશે. એવી આગ જેમાં શરીર બળીને કોલસો થઇ ગયું છતાં એ પંખીણી માતાએ જરા પણ પાંખ ન ફફડાવી. ન પગ જરૂર પણ ઊંચો કર્યો. ન તો હલનચલન કર્યું એ તો પોતાની બંને પાંખો ભીડી અપાર ધૈર્યથી ઊભી રહી પોતાને તો આ આગમાં ભળી મરવાનું જ છે તેવાં એ માતાએ અડગ નિર્ણય કરી લીધો હશે. મારૂં ગમે તે થાય પણ મારા સંતાનો બચી જવા જોઇએ. એવી ભાવના તેનાં ચિત્તતંત્રમાં ફેલાઇ ગઇ હતી.

આ પંખીણી માતાએ જે ધૈર્ય અને સહનશીલતા બતાવી તેને માટે કયા શબ્દ વાપરવા. બચ્ચાને માતાની દિવ્ય પાંખોનો આશરો મળી ગયો એ બચી ગયા.

એક પંખીણી આટલું સહન કરી શકી કારણ કે 'મા' હતી.

**નોંધ :**

આ પ્રસંગ અગાઉ 'ગુજરાત પરિવર્તન' સામયિક પ્રગટ થયેલો, પણ એ સામયિક અંક પણ બંધ થઇ ગયું છે.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૮મી ફેબ્રુઆરી

- વનસ્પતિશાસ્ત્રમાં મૂલ્યવાન સંશોધનોને લીધે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવનાર ડો. જમદેશજી ચીનોયની જન્મજયંતિ - ૧૯૦૯. વનસ્પતિ વૃધ્ધિમાં ઓરકોર્લિક એસિડનો ફાળો તેમનું અપૂર્ણ સંશોધન.
- ૧૮૩૬ - રામકૃષ્ણ પરમહંસનો જન્મ - તેમની મધૂરતા, આત્મભાવનો સ્પર્શ દરેક શિષ્યનો થતો.
- સ્વામી વિવેકાનંદના ગુરૂ.. ૧૬-૮-૧૮૮૬માં સમાધિલીન થયા.
- ૧૯૧૧ - વિશ્વની સૌ પહેલી વિમાની ટપાલ સેવાનો પ્રારંભ - બામરોલીથી - નૈની (ભારત)
- ૧૯૩૦ માં - નવો ગ્રહ પ્લુટો -કલાઇડ ટોમબોગે શોધ્યો.
- ૧૮૯૬માં - ભારતીય ટપાલ ખાતાનાં રવિવારની રજા શરૂ કરનાર જનાબ રફી કિડવાઇનો જન્મ.
- ૧૮૨૩ - ગોપાળરાવ હરિભાઇ દેશમુખ - ગુજરાતમાં રહી ગુજરાતી ભાષાને પોતાની કરનારા અભ્યાસી લેખકનો જન્મ.
- ૧૯૬૬ - અમેરિકન માર્ટીન લ્યુથર કિંગનું અવસાન.
- ૧૪૮૬ - ચૈતન્ય મહાપ્રભુનું અવસાન.
- ૧૯૯૪ - કથ્થક કલાકાર ગોપાલક્રિશ્નનું અવસાન.